# -ઃ જાહેરનામું ઃ-

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર/વિ.શા/ઓ.એસ. સેકશન/૭૨૯/૨૦૧૬

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક: જિશિઅ/વન વિભાગ પરિક્ષા/૨૦૧૬-૧૭/૩૯૬૮ અન્વયે તેમજ અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદના પત્ર ક્રમાંક/અગ્રાવિ/ઝોનલ/૨૦૧૬/૧૧૦૫૨ તા.૦૫/૧૦/૨૦૧૬ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા વન વિભાગની જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તા.૦૯/૧૦/૨૦૧૬ ના કલાક ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમ્યાન અમદાવાદ શહેર વિસ્તારના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને ઉમેદવારો શાંત ચીતે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ સુલેહશાંતી જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં આવેલ ઉકત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો, ઝેરોક્ષ દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર, સક્ષમ અધિકારીઓ સિવાયના તમામ માટે મોબાઇલ ફોન અને અન્ય પ્રતિબંધીત સાધનો લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર ફરમાવી તેમાં નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

➢ <u>પ્રતિબંધીત વિસ્તાર</u>

(૧) પરીક્ષા કેન્દ્રોની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/ઝેરોક્ષ દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૧ કિલોમીટરનો વિસ્તાર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ પરીક્ષા કેન્દ્રમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા પર પ્રતિબંધ ફરમાવવાં.

➢ <u>પ્રતિબંધીત કૃત્યો</u>

(૧) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો, ઝેરોક્ષ મશીન પરીક્ષા સમય દરમ્યાન ચાલુ રાખવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોના આજુબાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રો પર સક્ષમ અધિકારી સિવાય તમામે મોબાઇલ ફોન અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા નહીં.

(૪) પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધીત કામગીરીમાં રોકાયેલ ફરજ ઉપરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇપણ અનધિકૃત માણસોએ પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૫) પરીક્ષા સ્થળે ચોરી કરવા/ચોરી કરાવવાના હેતુથી લેખન સામગ્રી પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ કરેલ નકલો તથા ગેરરીતી થાય તેવા કોઇપણ પ્રકારના સાધન લઇ જવા નહીં.

(૬) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર (૪) કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહીં.

(૭) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા નહીં.

<u>અપવાદ</u> ઃ આ હુકમ ફરજ પરના પોલીસ કર્મચારીઓ તથા પરીક્ષા અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ સરકારી કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમ તા.૦૯/૧૦/૨૦૧૬ ના સ.ક. ૦૯.૦૦ થી સાં.ક. ૧૫.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોસઇ સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇપીકો કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દૂરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ- ૦૯ માહે ઓકટોબર સને ૨૦૧૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

અમદાવાદ.

( શિવાનંદ ઝા )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

❖ નકલ સવિનય રવાના ઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદાવાદ શહેર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રાર શ્રી હાઇકોર્ટ ગુ.રા. અમદાવાદ.
(૮) રજીસ્ટ્રાર શ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ.
(૯) રજીસ્ટ્રાર શ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી અમદાવાદ શહેર.
(૧૧) સંયુકત પો.કમિ.શ્રી સેકટર-૧, ક્રાઇમબ્રાન્ચ, વહીવટ, મુખ્યમથક અમદાવાદ શહેર.
(૧૨) અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ ટ્રાફીક, અમદાવાદ શહેર.
(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારુ).
(૧૭) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારુ.
(૧૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર
(૧૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય), જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ